



## બાયડના બોરમઠની ચૂંટણીના ઘેરા પ્રત્યાઘાતો : ભારે હોબાળો

અરવલ્લી જિલ્લામાં ૪ ફેબ્રુઆરીએ યોજાયેલ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદની ચૂંટણીમાં ભારે રસાકસી જોવા મળી હતી. સમગ્ર જીલ્લામાં રાજકીય માહોલ ગરમાયો હતો અને મંગળવારે ચૂંટણીનું પરિણામ જાહેર થતા કેટલાક ઉમેદવારો અને ગ્રામજનો માટે હાર પચાવવી ભારે મુશ્કેલ બની હતી અને સરપંચ પદ માટે હાર થવા અંગે ઉમેદવારોએ સમીક્ષા માંડી હતી. ત્યારે બાયડ તાલુકાના બોરમઠ ગામનો ઉમેદવાર સરપંચની ચૂંટણી હારી જતા અદાવત રાખી બોરમઠ દૂધ મંડળીએ સરપંચના મતવિસ્તારમાં સમાવિષ્ટ બોરટીંબા ગામના ગ્રામજનોનું દૂધ લેવાનું બંધ કરવાનો તખઘલી નિર્ણય કરતા બોરીટીંબા ગામની મહિલાઓ બાયડ સાબરડેરીના શીતકેન્દ્ર પર પહોંચી રામધુન બોલાવી વિરોધ નોંધાવ્યો હતો. બાયડ તાલુકાના બોરીટીંબા ગામના ગ્રામજનો માટે ગ્રામપંચાયતની ચૂંટણી મુશ્કેલી લઈને આવી હોય તેવો ઘાટ સર્જાયો છે. બોરીટીંબા ગામના પશુપાલકો છેલ્લા ૮ મહિનાથી નજીકના બોરમઠ ગામે આવેલી બોરમઠ દૂધમંડળીમાં દૂધ ભરાવે છે પરંતુ રવિવારે વારેણા બોરીટીંબા ગ્રામ પંચાયતની યોજાયેલી ચૂંટણી બાદ મંગળવારે ચૂંટણીના પરિણામ જાહેર થતા બોરમઠ ગામના સરપંચ પદના ઉમેદવારની હાર થતા બોરમઠ દૂધ મંડળીના સંચાલકોએ તાલિબાની નિર્ણય કરી બોરીટીંબા ગામના પશુપાલકોનું દૂધ લેવાનું બંધ કરતા બોરીટીંબા ગામના ગ્રામજનો સમસમી ઉઠ્યા હતા અને તાત્કાલિક બાયડ ખાતે આવેલા સાબરડેરીના શીતકેન્દ્ર પર મોટી સંખ્યામાં પહોંચી રામધુન બોલાવી ચૂંટણી પરિણામ બાદ પેદા થયેલી પરિસ્થિતિ બાદ રજુઆત કરી યોગ્ય ન્યાય મેળવવા માંગ કરી હતી.

# શિક્ષકોના ત્રાસથી મધ્યાહ્ન ભોજનના સંચાલકની આત્મહત્યા

મહેસાણાના વડનગર તાલુકામાં રહેતા અને મધ્યાન ભોજનમાં કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન કરતા સંચાલક મહેશભાઈ પરમારે ગત રોજ શાળામાં આપવા પાડતા નાણા અને શિક્ષકઓના કનડગતના મામલે કંટાળીને આત્મહત્યા ગત રોજ કરી લીધી હતી અને સુસાઈટ નોટમાં ત્રણ શિક્ષકના નામ અને તેમની હેરાનગતિનો ઉલ્લેખ આ નોટમાં કરવામાં આવતા આ સમગ્ર મામલે હાલમાં ચકચાર મચી છે જ્યારે આ સમગ્ર મામલે આવતીકાલે આંદોલન કરવા અને મૃતદેહ નહી લેવાનો પરિવારજનોએ ઈનકાર કાર્યો છે.

મહેસાણાના વડનગર તાલુકામાં રહેતા મહેશભાઈ પરમારે ગત રોજ શાળામાં અને તંત્રને આપવા પાડતા નાણાને લઈને તરસતા હતા જેથી તેમણે આત્મહત્યા કરી હતી. ખેરાલુ તાલુકામાં આવેલી શેખપુર પ્રાથમિક શાળાના મધ્યાન ભોજન યોજનાના આ સંચાલક આપઘાતના મામલે હાલમાં સ્થાનિક લોકો અને મધ્યાન સમિતિએ આ સમગ્ર મામલે હાલમાં અવાજ ઉઠાવીને તંત્ર સામે લડત આપવાની ચીમકી ઉચારી છે અને મહેશભાઈ પરમારે



આત્મહત્યાનું કારણ આગળ ધરીને શાળાના ત્રણ શિક્ષકોના ત્રાસથી આત્મહત્યા કરતા હોવાની ચિઠ્ઠીમાં ઉલ્લેખ પણ કાર્યો છે. જ્યારે આ સમગ્ર મામલે હાલમાં પરિવારજનોએ સરકાર આ બાબતે વિચારે તેવી હાકલ અમૃતભાઈ ચૌહાણ પરિવારજન, જયંતીભાઈ ચૌહાણ પરિવારજને કરી હતી. ખેરાલુ તાલુકામાં આવેલી શેખપુર પ્રાથમિક શાળાના મધ્યાન ભોજન યોજનાના સંચાલકના આપઘાતના મામલે હાલમાં શાળાના શિક્ષક ગાયબ થઈ ગયા હતા. જ્યારે મહેશભાઈ પરમારે સુસઈટ નોટમાં શાળાના શિક્ષકો ચા-પાણી અને નાસ્તો કરવા માટે મધ્યાન ભોજન યોજનાના સંચાલક પાસે નાણાં પડાવતા હોવાનો પણ ચિઠ્ઠીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાથે જો પૈસા ન આપે તો હાજરી બાળકોની મસ્ટરમાં ભરતા ન હતા. જેથી ત્રસ્ત થઈને મહેશભાઈએ આત્મહત્યા કરી લીધી હતી. જે સમગ્ર મામલે હાલમાં તેમના પત્નીના નિવેદનના આધારે હાલમાં પોલીસ વડનગરે તપાસ હાથ ધરી છે. તેમ આર.એલ. ખેરાડી સી.પી.આઈ, પી.આઈ. વડનગરે જણાવ્યું હતું.

મધ્યાન ભોજન યોજનાના સંચાલક મહેશભાઈ પરમારના આત્મહત્યાના બનાવ બાદ આસપાસના સચાલકો મોટી સંખ્યામાં હાજર રહીને વિરોધ કર્યો હતો. જેને લઈને આવતીકાલે મહેશભાઈ પરમારને લઈને મહેસાણાના તમામ મધ્યાહન ભોજન સંચાલકોએ એક દિવસ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. સાથે મહેશભાઈ પરમારની ડેથબોડી નહીં લેવાનો પણ નિર્ણય લીધો છે. સાથે ત્રણ માગણી કરવામાં આવી છે. જેમાં પરિવારમાંથી મહેશભાઈની પત્નીને સરકારી નોકરી આપો. આરોપીઓને હત્યાનો ગુન્હો નોંધી તટસ્થ તપાસ કારવામાં આવે. સાથે સરકાર આ પરિવારને આર્થિક મદદ જાહેર કરે તેવી ત્રણ માંગ મૂકી હતી સાથે આવતીકાલે વડનગર બંધનું આહવાન પણ કરવામાં આવ્યું છે. તેમ પિયુષ વ્યાસ અધ્યક્ષ ગુજરાત લડત સમિતિ પ્રમુખે જણાવ્યું હતું.



## થરાદના દેના બેંકના એટીએમમાંથી ધોળા દિવસે ચોરી

થરાદ વિજય બિઝનેસ સેન્ટરમાં બીજા માળે દેના બેંક આવેલી છે જે બેંકની નીચે એટીએમ આવેલ છે. જે એટીએમમાં રવિવારે ધોળા દિવસે પાસબુક પ્રિન્ટરની ચોરી થઈ હતી. તેની દેના બેંકના મેનેજરે આજ થરાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદમાં પોતાનો અને પોતાના સ્ટાફના બચાવ માટે ફરિયાદમાં એવું લખાયું હતું કે એટીએમમાં અમે રાત્રે જ સિકયુરિટી રાખીયે છીએ અને દિવસે બેંકનો સિકયુરિટી ધ્યાન રાખે છે એવું પોતાની લાપરવાહી સામે ના આવે તે માટે ફરીયાદમાં લખાવ્યુ હતું અને વધુમાં મીડિયામાં આ પોતાની લાપરવાહીની બાબત ના ફેલાય તે માટે તેણે મીડિયા રિપોર્ટરને બેંક તથા એટીએમના બહારના ભાગેથી વિડિઓ ફોટો લેવાની પણ ના પાડી હતી અને ઉશ્કેરાઈને મારી પરમિશન વિના ફોટો કેમ પાડ્યો અને આમ તમે લોકલ માણસો ફોટો ના પાડી શકો તેવા જેમ તેમ શબ્દો બોલ્યા હતા.

## વક્તાપુરની મહિલાને ત્રાસ અપાતા પતિ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર તાલુકાના વક્તાપુર ગામની મહિલા અને વડોદરામાં રહેતી એક પરિણિતાને લગ્ન બાદ ચારેક માસથી પતિ દ્વારા અવાર નવાર કામમાં વાંધા વચકા પાડી તથા તેણીના ચારિત્ર્ય પર વહેમ રાખી અને પિયરમાંથી બાઈક લાવવા માટે રૂ. ૫૦ હજારનું દહેજ માંગી પોતાના છોકરાને પરત આપવાની માંગ કરી હેરાન પરેશાન કરતા આ મહિલાએ મંગળવારે હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. હિંમતનગર તાલુકાના વક્તાપુર ગામના શાહિનબાનુના લગ્ન વડોદરાના તાંદલજા રોડ પર આવેલા અમનપાર્કના ઘર નં. ૪૦/સીમાં રહેતા આરીફખાન ગુલાબખાન પઠાણ સાથે કરાયા હતા. તેણીના ચારિત્ર્ય પર શંકા રાખવામાં આવતી હતી. ઉપરાંત નવુ બાઈક લાવવા માટે પિયરમાંથી રૂ. ૫૦ હજાર લઈ આવવા દબાણ કરવામાં આવ્યુ હતુ. શાહિનબાનુના પિયરમાં આવીને આરીફખાને છોકરો આપી દો નહિ તો જાનથી મારી નાખીશ તેમ કહેતા શાહિનાબાનુએ પતિ વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# વડનગરની સબ જેલમાં મહિલા આરોપીની આત્મહત્યા : ઘુટાતું રહસ્ય

મહેસાણા, તા. ૭

મહેસાણામાં વડનગર ખાતે સબ જેલમાં પોતાના દિવસો વ્યતીત કરતી એક મહિલા આરોપીએ પોતાના દિવસો જેલમાં ટૂંકાવી દીધુ છે. આ આરોપી મહિલાએ થોડા મહિના અગાઉ તેની પુત્રવધુના દિવસો ઓછા કરી દીધા હતા. જે મામલે હાલમાં મહિલા આરોપીએ આત્મહત્યા શા કારણે કરી તે મુદ્દે હાલમાં તપાસના દોર વડનગર પોલીસે લંબાવ્યા છે.

મહેસાણાના વડનગરમાં છેલ્લા એક માસથી સબજેલમાં કેદ મહિલા આરોપીએ વહેલી સવારે આજે આત્મહત્યા કરી લીધી હતી. ગત તારીખ ૩ જાન્યુઆરીએ ખેરાલુના ચાણસોલ ગામે રહેતા વિજયાબેન રાણા, તેમના પતિ બળદેવજી અને તેમનો પુત્ર વિપુલસિંહ વિરૂદ્ધ તેમની પુત્રવધૂની હત્યાનો ગુનો નોંધાયો હતો. જે ગુનામાં વિજયાબેન રાણા અને તેમના પુત્ર વિપુલસિંહની ગત ૭ જાન્યુઆરીએ ખેરાલુ પોલીસે ધરપકડ કરી હતી. જેમના રિમાન્ડ બાદ વિજયાબેન અને તેમના પુત્ર વિપુલસિંહને વડનગર સબજેલમાં ધકેલવામાં આવ્યા હતા. ત્યારે છેલ્લા એક માસથી વડનગર



સબજેલમાં રહેલા વિજયાબેન રાણાએ આજે વહેલી સવારે જેલના બાથરૂમના દરવાજાના નકુચા પર દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. જે મામલે વિસનગર ડીવાયએસપી, ખેરાલુ પ્રાંતે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. સમગ્ર ઘટના મામલે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને વડનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પરંતુ હાલમાં આ આરોપી મહિલાએ કેમ જીવન ટુંકાવ્યુ તે સમગ્ર મામલે હાલમાં તપાસનો દોર લંબાવ્યો છે તેમ વી.એસ. ચૌધરી પીએસઆઈ વડનગરે જણાવ્યું હતું.

## વાસણામાં ખુંટ લગાવવા બાબતે ઝઘડો થતા ચાર સામે ફરીયાદ

હિંમતનગર તાલુકાના વાસણા ગામે થોડા દિવસ અગાઉ ખુંટ લગાવવા બાબતે થયેલા ઝઘડામાં એક ઈસમને માર મારી જાનથી મારી નાખવાની ચાર જણા વિરૂદ્ધ ફરીયાદ સોમવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી. વાસણા ગામના ભંમરસિંહ નેનસિંહ સોલંકીએ ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ૩૧ જાન્યુઆરીના રોજ તેમની સામો ખુંટ લગાવવા બાબતે ગામના જ રજુસિંહ નેનસિંહ સોલંકી, હંસાબેન રજુસિંહ સોલંકી, મંજુલાબેન રજુસિંહ સોલંકી વિગેરેએ લાકડીઓથી માર મારી ઈજા પહોંચાડી હતી.

# સાબરડેરીની ચૂંટણીના મામલે ૨૬મીએ સુનાવણી

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે ધોરી નસ સમાન ગણાતી સાબરડેરીના નિયામક મંડળની મુદત પૂર્ણ થઈ હોવા છતાં ચૂંટણી કરવામાં આવતી ન હતી. જેથી તાજેતરમાં એક મંડળીના ચેરમેને હાઈકોર્ટમાં કરેલી રીટ બાદ તેની સુનાવણી તા. ૬ ફેબ્રુઆરીના રોજ હતી પરંતુ હાઈકોર્ટમાં મગંળવારે બોર્ડ બદલાયુ હોવાને કારણે હવે આ કેસની સુનાવણી તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ કરાશે.

આ અંગે જિલ્લા રજીસ્ટ્રાર ચૌહાણના જણાવાયા મુજબ સાબરડેરીમાં થોડા દિવસ અગાઉ કસ્ટોડીયનની નિમણૂંક રાજ્ય સરકાર દ્વારા કરાઈ છે ત્યારે તેમની કામગીરી મુખ્યત્વે સાબરડેરીની ચૂંટણી કરાવવાની રહે છે. દરમિયાન થોડા દિવસ અગાઉ ગલીયાદાતી દૂધ મંડળીના ચેરમેન દ્વારા સાબરડેરીના નિયામક મંડળની ચૂંટણી સત્વરે યોજવા માટે રીટ કરવામાં આવી હતી. જેનો કેસ હાઈકોર્ટમાં દાખલ થયા બાદ મંગળવાર તા. ૬ ફેબ્રુઆરી નિર્ધારીત કરવામાં આવી હતી. પરંતુ હાઈકોર્ટમાં ન્યાયાધીશોનું બોર્ડ મંગળવારે બદલાયુ હોવાને કારણે આ કેસની સુનાવણી શક્ય બની ન હતી. જેથી હવે પછી તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ વધુ સુનાવણી થનાર છે. ત્યારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સહકારી ક્ષેત્રના માધાંતાઓ કેવી વ્યુહરચના ગોઠવીને પોતાનો પક્ષ કોર્ટમાં રજુ કરશે તે જોવાનું રહ્યું.

# હિંમતનગરમાં લિંગ પરીક્ષણ કરતા ગાયનેક તબીબની હોસ્પિટલમાં દરોડો

## આરોગ્ય વિભાગે મશીન સીલ કર્યુ : ૪૮ કલાકમાં કોર્ટમાં ફરીયાદ કરાશે

હિંમતનગર, તા. ૬

સમગ્ર ગુજરાતમાં આજે પણ ગાયનેક તબીબો કાયદાની ઐસીતૈસી કરીને ગર્ભવતી મહિલાના ઉદરમાં બાબો છે કે બેબી તેનું પરીક્ષણ કરતા હોવા છતાં તેમની સામે કાયદો મહંદઅંશે પાંગળો સાબિત થઈ રહ્યો હોવાની છાપ આમજનતા પર છે. ત્યારે હિંમતનગરમાં આરોગ્ય વિભાગ દ્વારા બાતમીને આધારે મંગળવારે સાંજે એક ગાયનેક તબીબની હોસ્પિટલમાં દરોડો પાડીને તેમનું સોનોગ્રાફી મશીન સીલ કરી દીધુ હતુ. અને આરોગ્ય વિભાગે આગળની કાર્યવાહી હાથ ધરતા અન્ય ગાયનેક તબીબોમાં ફફડાટ ફેલાયો છે.

આ અંગે જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ અને આરોગ્ય અધિકારી ડૉ. ફેન્સીના જણાવ્યા મુજબ હિંમતનગરના સિવિલ સર્કલ નજીક બસસ્ટેન્ડ રોડ પર આવેલ મમતા હોસ્પિટલના ગાયનેક તબીબ ડૉ. અશ્વિન નાયક નિયમ વિરૂદ્ધ ગર્ભવતી મહિલાને લિંગ પરીક્ષણ કરી આપે છે તેવી બાતમી મળી હતી. જે આધારે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીએ નિયમ મુજબ બે સરકારી પંચો તથા પોલીસને સાથે રાખી મંગળવારે સાંજના સુમારે ડૉ. અશ્વિન નાયકની હોસ્પિટલમાં તપાસ હાથ ધરી હતી.


જ્યાં તપાસનીશ અધિકારીઓએ લિંગ પરીક્ષણ કર્યુ હોવાની ઓડિયો અને વિડિયો ક્લીપ જણાઈ આવતા તે કબ્જે લીધી હતી. મોડી રાત સુધી ચાલેલી આ કાર્યવાહી અંગે અન્ય ગાયનેક તબીબોને ખબર પડતા ફફડાટ ફેલાઈ ગયો હતો. બીજી તરફ આવી રીતે લિંગ પરીક્ષણ કરવાનું ગેરકાયદે હોવાનું જાણતા ગાયનેક તબીબો પોતાની હોસ્પિટલમાં દેખાવ ખાતર બોર્ડ લગાવે છે પરંતુ તેનો અમલ કરતા નથી તે આ ઘટના પરથી ફલીત થયું છે.

સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર સહિત જિલ્લામાં આવેલી અન્ય ગાયનેક હોસ્પિટલોમાં લિંગ પરીક્ષણની પ્રવૃત્તિ ખુલ્લેઆમ ચાલતી હોવા છતાં કોણ જાણે કેમ કાયદાનો અમલ કરાવનાર તંત્રના અધિકારીઓ કશુ કરતા નથી તેવી છાપ પ્રજામાં ઉપસી છે. ત્યારે આ અંગે સંલગ્ન વિભાગોએ કડક કાર્યવાહી કરવાનો સમય પાકી ગયો છે.

દરમ્યાન જિલ્લા આરોગ્ય અધિકારીના જણાવ્યા મુજબ દરોડાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૪૮ કલાકમાં આ ગાયનેક તબીબ વિરૂદ્ધ કલમ ૪.૩, ૫ અને ૬ મુજબ કાર્યવાહી કરાશે. કલમ ૪.૩માં જણાવાયા મુજબ હોસ્પિટલના તબીબે સોનોગ્રાફી મશીનનો રેકોર્ડ નિભાવ્યો છે કે નહિ તેની તપાસ કરાશે. તથા કલમ ૫ મુજબ લિંગ પરીક્ષણ કરવા માટે પૂર્વ મંજુરી લેવાઈ છે કે નહી તેની પણ તપાસ કરાશે. જ્યારે કલમ ૬માં આવુ પરીક્ષણ કરી શકાય નહી તેવી જોગવાઈ હોવા છતાં ગાયનેક તબીબે કરેલા લિંગ પરીક્ષણ અંગે કાયદાનો અભ્યાસ કરીનો આગળની કાર્યવાહી કરવામાં આવશે. આ કલમોનો ભંગ કરનાર વિરૂદ્ધ સોનોગ્રાફીનું લાયસન્સ રદ કરીને જરૂર પડે ત્રણ વર્ષની સજા અને દંડની જોગવાઈ પણ છે. જેથી હવે જોવાનું એ રહે છે કે લિંગ પરીક્ષણ કરનાર આ તબીબ વિરૂદ્ધ વહીવટીતંત્ર કેવી કાર્યવાહી કરે છે.

# કાંકરેજ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના કુલ ૯૭ ફોર્મ ભરાયા

ગુજરાત ચૂંટણી આયોગ દ્વારા બહાર પડેલ જાહેરનામાને લઈ અને તા.પં. અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કાંકરેજ તાલુકાની ૩૦ સીટો અને જિલ્લા પંચાયતની ૬ સીટો ઉપર ઉમેદવારોનો રાફડો ફાટી નીકળ્યો છે. સાથે સાથે કોંગ્રેસ-ભાજપમાં મોટા પાયે ઉમેદવારો ફેરફાર કરવાની કવાયતોનો દોર શરૂ થઈ ગયો છે. ત્યારે કોને મેન્ડેડ મળશે અને કોને નહિ તેને લઈ કોંગ્રેસ-ભાજપના ઉમેદવારોમાં ઘર્ષણ અને નારાજગી જોવા મળી રહી છે. તો ક્યાંક પક્ષ પલ્ટો પણ થઈ રહ્યો છે. ત્યારે જિલ્લા પંચાયત કાંકરેજના મુખ્ય ચૂંટણી અધિકારી એસ.જે. ચાવડા (જિલ્લા પુરવઠા અધિકારી પાલનપુર) સમક્ષ જિલ્લા પંચાયતના ૨૨



ઉમેદવારીપત્રો ભરાયા હતા અને તાલુકા પંચાયત સીટ-૧૫ના ચૂંટણી અધિકારી અનિલભાઈ ત્રિવેદી (તા.વિ.અ. કાંકરેજ) સમક્ષ કુલ ૩૩ ફોર્મ રજુ થયા હતા. જ્યારે મામલતદાર એસ.એ. ચૌહાણ સીટ-૧૫માં ૩૨ ફોર્મ રજુ થયા હતા. આમ કુલ જિલ્લા પંચાયતના ૨૨ તાલુકા પંચાયત સીટોના ૬૫ એમ કુલ ૯૭ ફોર્મ ભરાયા હતા. જેમાં તેરવાડા સીટમાં રોળીયા તખાજી વઘાજી અને શિરવાડા સીટમાં જોષી કરશનભાઈ શંકરભાઈ તેમજ ચેખલા સીટ ઉપર રમજુબેન બલવંતજી દુધેચાએ ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે જિલ્લા પંચાયતમાં ઈશ્વરભાઈ જેઠાભાઈ ખટાણા અને સોલંકી કમુબા ગોપાળસિંહ સહિત કુલ-૯૭ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો રજુ કર્યા હતા. જ્યારે શિહોરી-૨માં ઠક્કર વિપુલકુમાર જયંતીલાલે અપક્ષ ઉમેદવારી નોંધાવતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.